



સેક્ટર-૨૮ સમર્પણ બુક બધિર શાળામાં ભોળાભાઈ બી.સી.એ. કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા જીવન જરૂરીયાતની ચીજોની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું તે પ્રસંગની તસવીર.
(તસવીર : દિપક જાની)

# ધોળાકુવામાં બે જગ્યાએ દરોડા પાડીને ૭ જુગારીની ધરપકડ

## રૂ. ૩૫,૧૦૦નો રોકડ મુદ્દામાલ સે-૭ પોલીસે જપ્ત કર્યો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર નજીકના ધોળાકુવા ગામમાં બે અલગ અલગ સ્થળોએ સે-૭ પોલીસે બાતમીને આધારે દરોડા પાડીને સાત જુગારીઓને ઝબ્બે કરી લીધા છે. ધોળાકુવાના જોગણી માતાજીના મંદિર પાસે બંને જુગાર પકડાયા હતા. રૂ. ૩૫,૧૦૦નો રોકડ મુદ્દામાલ કબ્જે કરીને સે-૭ પોલીસે કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.

સેકટર-૭ પોલીસ મથકના સિનિ. પી.આઈ. જે.એમ. ભરવાડને ગઈ સાંજે બાતમી મળી હતી કે ધોળાકુવાના જોગણી મંદિર પાસે બે સ્થળે કેટલાક શખ્સો બાજી માંડીને બેઠા છે જેને આધારે પી.આઈ. ભરવાડે તેમની ટીમના પી.એસ.આઈ. એ.જી. રાઠોડ, પો.કો. યજવેન્દ્ર સિંહ, રતનસિંહ, મૃગેન્દ્રસિંહ સહિતના માણસોને લઈને દરોડો પાડી બંને જુગારના સ્થળોએથી સાત જુગારીઓને રંગે હાથ ઝડપી પાડયા હતા. એક દરોડામાં રૂ. ૨૦,૧૦૦ રોકડ મુદ્દામાલ સાથે વૃંદાવન સોસાયટીના અશ્વિન પ્રભુદાસ પટેલ, ધોળાકુવાના કનુ રામસંગ ઠાકોર, વિષ્ણુમલ રાવળ અને રાયસણનાં જગદીશ કોળાજી ઠાકોર મળીને ચારની ધરપકડ કરવામાં આવી હતી. તો બીજા દરોડામાં રૂ.૧૫ હજાર રોકડ મુદ્દામાલ સાથે કુંડાસણના ચંદુ બબાજી ઠાકોર અને ધોળાકુવાના વરસંગ જવાન ઠાકોર તથા ભરત વરસંગ ઠાકોર મળીને ત્રણની ધરપકડ કરી લેવામાં આવી હતી. બંને જુગારમાં મળીને કુલ રૂ. ૩૫,૧૦૦ના મુદ્દામાલ સાથે સાત જુગારીની ધરપકડ કરી સે-૭ પોલીસે કાયદેસરની કાર્યવાહી આરંભી છે.

# સેકટરોના સરકારી દવાખાના શરૂ કરવા મહામંડળની રજૂઆત

## રોગચાળાની સ્થિતિને ધ્યાને લઈ સફાઈ અને સારવાર ઝુંબેશ માટે જરૂરી પગલા લેવા આરોગ્યમંત્રીને રજૂઆત

ગાંધીનગર, તા. ૪

શહેરમાં રોગચાળાએ માથુ ઉંચક્યું છે ત્યારે સેક્ટરોમાં ગંદકીના ઢગ ખડકાયાછે. આવા સંજોગોમાં સફાઈ ઝુંબેશ ઉપરાંત મચ્છરનાશક કામગીરીનું અભિયાન હાથ ધરવાની અનિવાર્યતા છે. જ્યારે સેક્ટરોના સરકારી દવાખાના શરૂ કરી દવા સહીતની તમામ વ્યવસ્થા ઉપલબ્ધ કરવા શહેર વસાહત મહામંડળે આરોગ્યમંત્રીને રજુઆત કરી છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચના જણાવ્યા અનુસાર શહેર ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં મેલેરીયા, ચિકનગુનિયા, કમળા જેવા ગંભીર પ્રકારના રોગચાળાએ ભરડો લીધો છે. સરકારી દવાખાનાઓ તેમજ સિવિલ હોસ્પિટલમાં દર્દીઓએ કલાકો સુધી કતારમાં ઉભા રહેવું પડે છે. આ મામલે મહામંડળ દ્વારા આરોગ્યમંત્રી નીતિન પટેલને રજૂઆત કરવામાં આવી છે. જેમાં સેક્ટરોના સરકારી દવાખાનાઓ શરૂ કરવા તેમજ તેમાં દવા, રસી સહીતની વ્યવસ્થા ઉપલબ્ધ કરવા પણ જણાવ્યું છે. આ ઉપરાંત સેક્ટરોમાં ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું છે. ત્યારે મુખ્ય રસ્તાઓ સિવાય કોઈ જગ્યાએ સફાઈ કામગીરી થતી નથી. સેક્ટરોના વર્ષોથી કચરાના ઢગ ખડકાયેલા જોવા મળે છે. સેક્ટરોમાં યોગ્ય મેનપાવરના આધારે સફાઈ ઝુંબેશ હાથ ધરવા ઉપરાંત સરકારી આવાસોમાં પણ સફાઈ હાથ ધરી મચ્છર ઉત્પત્તિ સ્થાનો ડામવા કામગીરી હાથ ધરવાની અનિવાર્યતા ઉભી થઈ છે. શહેરના ખાણી-પીણી બજારમાં પણ સ્વચ્છતા જળવાય તે માટે યોગ્ય પગલા લેવા માંગ ઉઠવા પામી છે.

# ઉચ્ચ અધિકારીના માનસિક ત્રાસથી કર્મચારીએ કરેલ આપઘાતને દલિતસેનાએ શખ્ત શબ્દોમાં વખોડી કાઢ્યો

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરના ઉદ્યોગભવનમાં ઉચ્ચ અધિકારીઓના માનસિક ત્રાસથી આપઘાત કરનાર દલીત કર્મચારી નરેશભાઈ ચાવડાના મૃત્યુ અંગેની ઘટનાને ગાંધીનગર જિલ્લા દલિત સેનાએ શખ્ત શબ્દોમાં વખોડી કાઢી છે અને તાત્કાલિક ધોરણે આરોપીઓ સામે પગલા લેવાની ઉગ્ર માંગણી કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત સરકાર દ્વારા સરકારી કચેરીઓમાં છેલ્લા ઘણા વર્ષોથી કર્મચારીઓની તેમજ એસ.સી.ની ભરતી કરવામાં આવતી નથી જેથી કર્મચારીઓ ઉપર ઉચ્ચ અધિકારીઓ કામનું ભારણ નાખી માનસિક ત્રાસ આવે છે. આથી દલિત કર્મચારીઓના આપઘાતના બનાવો બનવા પામ્યા છે ત્યારે બે દિવસ અગાઉ ગાંધીનગરના ઉદ્યોગભવન સ્થિત જી.આઈ.ડી.સી.માં ફરજ બજાવતા નરેશભાઈ ચાવડાએ અધિકારીઓના ત્રાસથી આપઘાત કરી દીધો હતો તે ઘટના ખૂબજ દુઃખદ છે. તેને ગાંધીનગર જિલ્લા દલિત સેનાના પ્રમુખ બાબુભાઈ મેસરવાલા અને કાર્યકરોએ શખ્ત શબ્દોમાં વખોડી નાખી છે અને તાત્કાલિક દોષિતો સામે કાર્યવાહી કરવા માંગણી કરી હતી. ઉપરાંત મૃતકના પરિવારજનોની મુલાકાત લઈ તેમને સાંત્વના આપી હતી.

# પાલજ ગામમાંથી ૧૫ વર્ષની કિશોરીનું અપહરણ થયું

## ઉત્તરપ્રદેશનો યુવાન લગ્ન કરવાના ઈરાદે સગીરાને ભગાડી ગયો હોવાની ફરીયાદ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર પાસેના પાલજ ગામમાં રહેતો અને ગાંધીનગર શહેરની એક ખાનગી કંપનીમાં નોકરી કરતો ઉત્તરપ્રદેશનો યુવાન પાલજ ગામની જ એક ૧૫ વર્ષની સગીરાને લગ્ન કરવાના ઈરાદે ભગાડી અપહરણ કરી ગયો હોવાની પોલીસ ફરીયાદ કિશોરીના પિતાએ ચિલોડા પોલીસમથકે નોંધાવતા ચિલોડા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ઉત્તરપ્રદેશના ઝાંસી વિસ્તારનો મુળ રહેવાસી અને હાલ પાલજ ગામમાં આવીને રહેતો તથા શહેરની એક ખાનગી કંપનીમાં નોકરી કરતો યુવાન શેખરસિંહ ઉર્ફે શેરસિંહ જમનાપ્રસાદ ગઈ મોડી સાંજે સાડા આઠ વાગ્યાના અરસામાં પાલજ ગામમાં રહેતી ૧૫ વર્ષની સગીરાને ઉપાડી જઈ અપહરણ કરી ગયો હોવાની ઘટના બનવા પામી છે. અપહ્રુત કિશોરીના પિતાએ ચિલોડા પોલીસમથકે નોંધાવેલી ફરીયાદ મુજબ શેખર તેમની દીકરીને લલચાવી-ફોસલાવીને લગ્ન કરવાની લાલચ આપીને ઉપાડી ગયો છે. જેને આધારે ચિલોડા પી.એસ.આઈ. ગોહીલે તેની વિરૂદ્ધ ગુનો દાખલ કરીને શોધખોળ શરૂ કરી છે.

# લાયોનેસ કલબ દ્વારા રાંધેજા કન્યા શાળામાં વિનામૂલ્યે થેલેસેમિયા ચેક-અપ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૪

લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર દ્વારા રાંધેજા ગામની કન્યાશાળાની તમામ બાળાઓના થેલેસેમિયા ટેસ્ટ કરાવાયા હતા. વર્તમાન સમયમાં થેલેસેમિયા મેજર અને માઈનોર વિષેની જાણ અને જાગૃતિ અનિવાર્ય છે. લાયોનેસ કલબના પ્રમુખ શ્રીમતી આરતીબેન ભટ્ટે જણાવ્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારમાં રહેતી કન્યાઓમાં પણ આ અંગે જાગૃત્તિ કેળવાય તે હેતુથી લાયોનેસ કલબે આ ઝુંબેશ ઉપાડી છે.




સામાન્ય સંજોગોમાં થેલેસેમિયા ટેસ્ટ માટે રૂ. ૭૦૦ થી રૂ. ૮૦૦નો ખર્ચ થતો હોય છે, પરંતુ લાયોનેસ કલબ દ્વારા કન્યાઓના થેલેસેમિયા ટેસ્ટ વિનામૂલ્યે કરવામાં આવ્યા હતા. કન્યાઓને થેલેસેમિયા વિષે વિગતવાર સમજણ આપવામાં આવી હતી.

રાંધેજા કન્યા શાળાની તમામ વિદ્યાર્થિનીઓના થેલેસેમિયા ટેસ્ટ માટે ગાંધીનગરના સહયોગ મંડળે આર્થિક યોગદાન આપ્યુ હતું. સેવાભાવી વડીલ શ્રી પરીખકાકાએ પણ આર્થિક સહયોગ આપ્યો હતો. રેડક્રોસ સોસાયટી અને ગાંધીનગરના જાણીતા રક્તદાતા-સેવાભાવી શ્રી સુકેતુ મહેતાએ પણ નોંધપાત્ર સહયોગ આપ્યો હતો.

રાંધેજા કન્યા શાળાના પ્રિન્સિપાલ શ્રી યોગેશભાઈ પટેલ, શિક્ષકો અને લાયોનેસ કલબના પૂર્વ પ્રમુખ પ્રિયા મનિક, લાયોનેસ સેક્રેટરી મીનાક્ષી જયસિંઘાણી, લાયોનેસ ચંદા યાદવ, અર્ચના દવે તથા નિમિષા શુકલ વગેરેએ આ ચેક-અપ કેમ્પને સફળ બનાવવામાં નોંધપાત્ર સહયોગ આપ્યો હતો.

# ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૪

જાગૃત નાગરિક પરિષદની માસિક સભા પ્રમુખ લવજીભાઈ વાડીઆના અધ્યક્ષ સ્થાને મળેલ હતી. જેમાં મોટી સંખ્યામાં પદાધિકારીઓ સભ્યો નાગરિકો દ્વારા સમુહ પ્રાર્થના કરવામાં આવી હતી. મહામંત્રી નિરંજનભાઈ ઓઝાએ જાણકારી આપી હતી. ખાતાકીય તપાસ કોર્ટકેસ ચાલુ હોય તેવા પેન્શનરોના નાણાંકીય લાભો, અટકાવવાનો સરકારને અધિકાર નથી. તેવા સુપ્રીમના ચુકાદાની જાણકારી આપી હતી. વિશેમાં સુપ્રીમ કોર્ટની નારાજગી છતાં લાલ લાઈટવાળી ગાડીઓ ઈંધણની કટોકટીમાં સરકારી વાહનોનો બેફામ દુરપયોગ, સરકારી કચેરી વીજળીનો ગુનાહિત બેફામ ઉપયોગ, પ્રધાનોના તોછડા વ્યવહાર કોમ્પ્યુટરાઈઝ નામે પારાવાર ઉડાઉ ખર્ચા. ગંદુ અપર્યાપ્ત ઓછા ફોર્સથી મળતું પાણી, ટેલિફોન ટપાલ પ્રશ્નો રાજેન્દ્રભાઈ પારેખ, ડૉ. સોમાભાઈ, જયોતિન્દ્રભાઈ દવે, ભાનુપ્રસાદ પુરાણી, ડાહ્યાભાઈ ગાંધી, જયંતભાઈ ભટ્ટ, રમણભાઈ શ્રીમાળી, જિતેન્દ્રભાઈ ત્રિવેદી, દશરથભાઈ પરમાર, હસમુખભાઈ ઠાકર, જે.સી. પરમાર વગેરે હાજર રહ્યા હતા.

# યુવતીએ પ્રેમલગ્ન કરી લેતા પિતાએ જ અપહરણ કર્યું હતું

## સે-૨૭ સાંઈ મંદિર પાસેથી પરિણીત યુવતીનું અપહરણ થયું તે સ્કોર્પીયો પાટણ પોલીસે મોડી રાત્રે પકડી પાડી હતી : ચારની ધરપકડ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરના સે-૨૪/૨૭ ચોકડી પાસે સાંઈ મંદિર રોડ પરથી ગઈ મોડી સાંજે ૨૨ વર્ષની પરિણીત યુવતીનું સ્કોર્પીયો ગાડીમાં બળજબરી કરીને અપહરણ કરી લેવામાં આવ્યું હતું. પોલીસને મેસેજ મળતા જ નાકાબંધી શરુ કરી દઈને પોલીસ દોડતી થઈ ગઈ હતી. અપહરણ કરવામાં જેનું અપહરણ થયું તે યુવતીના પિતા સહીત આઠ માણસો હોવાનું પતિએ જણાવ્યું હતું. સ્કોર્પીયો ગાડી મોડી રાત્રે પાટણ એલસીબીએ પકડી પાડી હતી. સે-૨૧ પોલીસે યુવતીના પિતા સહિત ચાર અપહરણકારોની ધરપકડ કરી ઊંડી તપાસ શરુ કરી છે. આ અપહરણ પ્રકરણમાં પ્રેમલગ્ન કારણભૂત હોવાનું ખુલ્યું છે.

બનાસકાંઠાના દિયોદર વિસ્તારના મુળ રહેવાસી યુવાન કાંતિલાલ ગણપતભાઈ ગજ્જરે જુન મહિનામાં રાજસ્થાનની યુવતી ટવીંકલ ચૌધરી સાથે પ્રેમલગ્ન કરી લીધા હતા અને ગાંધીનગરના સે-૨૭ ખાતે મિત્ર સાથે ભાડાના મકાનમાં છુપાઈને બંને યુગલ રહેતા હતાં. ટવીંકલ ચૌધરી જીપીએસસીની તૈયારીઓ કરી રહી છે. પતિ કાંતિલાલ અને ટવીંકલ બંનેના કોમન ફ્રેન્ડ તુષાર સાથે ગઈ કાલે ટવીંકલ સાંઈ મંદિર પાસે સે-૨૭માં બેસી હતી. તે દરમિયાન એક સ્કોર્પીયો ગાડી નં. જીજે-૮-એ.આર. ૧૬૪૭ તેમની પાસે આવી અને તુષારને મારીને ટવીંકલને ઉપાડી જઈ અપહરણ કરી લીધુંહતું. અપહરણમાં ટવીંકલના પિતા માનસિંગભાઈ રામાભાઈ ચૌધરી સાથે હોવાનું જાણવા મળ્યું હતું. યુવતીના અપહરણની ઘટનાની જાણ થતાં જ ગાંધીનગર પોલીસે તમામ નાકાઓ પર ચેકીંગ શરુ કરી દીધું હતું. કંટ્રોલમાં મેસેજ પાસ કરતાં એલર્ટ થઈ ગયેલી પાટણ એલ.સી.બી.એ મોડી રાત્રે સ્કોર્પીયોને પકડી પાડી હતી. પાટણ એલ.સી.બી.એ ટવીંકલનું અપહરણ કરનાર તેના પિતા માનસિંગભાઈ અને અન્ય ત્રણ સાગરિતો રણજીત ઓથારજી તેરવાડીયા (થરા, બનાસકાંઠા), ભગવાન હિરા ચૌધરી (હારીજ, પાટણ) અને વિરા દેવસિંહ ચૌધરી (સમી, પાટણ) મળીને પકડીને ગાંધીનગર પોલીસને સોંપતા સે-૨૧ પોલીસે ચારેયની ધરપકડ કરીને ઊંડી તપાસ શરુ કરી છે. દિકરીએ પ્રેમલગ્ન કરી લેતા નારાજ પિતાએ અપહરણ કરીને તેના પતિને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. પોલીસે સઘન તપાસ શરુ કરી છે.

# જે. એમ. ચૌધરી વિદ્યાલય ખાતે ખેલકુદ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૪

શહેરની જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે આજરોજ શાળાકીય એથ્લેટિક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉત્સાહભેર વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આજરોજ જે.એમ. ચૌધરી શાળા ખાતે દોડ, વિઘ્નદોડ, ઊંચીકુદ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં અન્ડર-૧૯માં ધોરણ-૧૧ એ.બી.માં અભ્યાસ કરીત વિદ્યાર્થિનીઓ વિજેતા બની હતી. જેમાં ૫૦૦૦ મી. દોડમાં પ્રથમ નંબરે ચૌધરી રીંકલ રમેશભાઈ, ૩૦૦૦ મી. દોડમાં દ્વિતિય નંબરે ચૌધરી જાગૃતિ પરમાભાઈ, ૮૦૦ મી. દોડમાં દ્વિતિય નંબરે ચૌધરી રશ્મિ ભીખાભાઈ તેમજ ૪૦૦ મી. દોડમાં દ્વિતિય નંબરે આવેલ સથવારા શીતલ વિષ્ણુભાઈએ ૧૦૦ મી. વિઘ્નદોડમાં પ્રથમ નંબરે અને ઊંચીકૂદમાં પણ પ્રથમ નંબર મેળવ્યો હતો. જ્યારે ૧૦૦ મી. દોડમાં ચૌધરી રમિલા ભગવાનભાઈએ દ્વિતિય નંબર પ્રાપ્ત કર્યો હતો. શાળાકીય સ્પર્ધામાં વિજેતા થયેલ તમામ વિદ્યાર્થી બહેનોને શાળાના આચાર્ય અને શાળા પરિવારે અભિનંદન સહ શુભેચ્છા પાઠવી હતી. સ્પર્ધામાં માર્ગદર્શન પી.ટી. શિક્ષિકા હર્ષાબેન ચૌધરીએ પુરૂ પાડ્યું હતું.

## આજે સાંઈબાબા મંદિરમાં ડાયાબિટીશ નિદાન કેમ્પ યોજાશે

તા. ૫ સપ્ટેમ્બરના રોજ સાંજે ચાર કલાકે સાંઈબાબા મંદિર સેકટર-૩ડી ગાંધીનગરમાં મેડીકલ ટીમ તથા મેડીકલ ઓફિસરની હાજરીમાં ડાયબીટી (બ્લડ સુગર)ની તપાસ વિનામૂલ્યે કરવામાં આવશે. તો જનતાએ સુવર્ણ લાભ લેવા શ્રી કૃપા સેવા ટ્રસ્ટના ટ્રસ્ટી નરસિંહભાઈ પરમારે જણાવેલ છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૬
સૂર્યાસ્ત : ૬.૫૧

## તાપમાન

મહત્તમ : ૩૪.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૧ ટકા ● સાંજે ૬૧ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૯.૩૦, ૨.૪૫, ૭.૪૫
ધ કૉન્જુરીંગ : ૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૪૫

: સ્ક્રીન-૨ :
સત્યાગ્રહ : ૯.૦૦, ૧૨.૦૦ ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

: સ્ક્રીન-૩ :
સત્યાગ્રહ: ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :
મદ્રાસ કાફે : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૧૫

### સૂર્યા, વાવોલ

સત્યાગ્રહ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
વૉન્ટેડ ચાઈલ્ડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
સત્યાગ્રહ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
મદ્રાસ કાફે : ૧૦.૦૦, ૧.૦૦, ૭.૦૦
સત્યાગ્રહ : ૪.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
સત્યાગ્રહ : ૧૧.૦૦, ૮.૧૫, ૧૧.૦૦
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૨.૦૦
મુંબઈ અગૅઈન : ૫.૦૦

### ચિરાગ, કલોલ

સત્યાગ્રહ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### સામાજિક

- શ્રી કૃપા સેવા ટ્રસ્ટ દ્વારા સેકટર-૩/ડી માં આવેલ સાંઈબાબા મંદિર ખાતે સાંજે ૪.૦૦ કલાકે નિઃશુલ્ક ડાયાબીટીસ કૅમ્પ યોજાશે

### ધાર્મિક

- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિતે મુકેશભાઈ શુકલ શ્રીધર ફલેટ ખાતે શિવ મહિમ્નપાઠ અને સ્તુતિ વંદના.

## આપની આજ

**મેષ** : નવા સંબંધ બનશે. સત્સંગ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે. કુટુંબના સભ્યો સાથે મતભેદ થઈ શકે છે.

**વૃષભ** : યાત્રા થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નોકરી, વ્યાપાર, રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે. આવક- ખર્ચમાં સંતોલન રહેશે. કાર્યક્ષમતામાં વૃદ્ધિ થશે.

**મિથુન** : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે છે. આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા. કુટુંબીજનો સાથે સામજસ્ય બન્યું રહેવાની સંભાવના છે.

**કર્ક** : સામાજિક ક્ષેત્રોમાં સફળતાનો યોગ છે. નવા સંબંધ બની શકે છે. તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે. જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

**કન્યા** : વાહન ખરીદવાની સંભાવના છે. પ્રયત્નોમાં સફળતા મળશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થવાની સંભાવના છે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે. વધુ પ્રયત્ન કરવો પડશે.

**તુલા** : મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે કાર્ય કરવું. આપનામાં આંતરીક પ્રભાવ વધવાથી શત્રુને પરાસ્ત કરી શકશો. આપના અથાગ રીતે કરેલ મહેનતનું ફળ તરત જ મળી શકશે.

**વૃશ્ચિક** : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભાવના. અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે.

**ધન** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે.

**મકર** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે.

**કુંભ** : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત રહેશે. કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે. શાસનથી વિશેષ લાભ પ્રાપ્ત થઈ શકે છે.

**મીન** : વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે. કલાક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ પ્રાપ્તિનો યોગ. ધાર્મિક ક્ષેત્રે આસ્થા વધશે.

## ચિરવિદાય

- સ્વ. ઈશ્વરસિંહ અમરસિંહ રાણા (ઉ.વ. ૪૩)મુ.પો. ધણપ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. જયેશકુમાર પ્રવિણકાંત શાહ(ઉ.વ. ૫૭)પ્લોટ નં. ૧૨૧૭/૧, સેકટર-૨/એ, ગાંધીનગર.
- સ્વ. મણીબેન છોટાભાઈ પટેલ(ઉ.વ. ૯૫)મુ.પો. આલમપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ.નવુબા વિહાજી વાઘેલા (ઉ.વ. ૭૫)મુ.પો. લેંકાવાડા, તા., જિ. ગાંધીનગર.